<u>રેગ્યુલર દિવાની કેસ નં.૧૦/૨૦૧૯</u>

<u>આંક–૫ ની અરજી લગત હુકમ</u>

(૧) સદર કામે વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે હાલનો દાવો જ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મળવા તેમજ વેચાણ દસ્તાવેજ રદબાતલ જાહેર કરાવવા માટે દાખલ કરેલ છે જેમાં પક્ષકારોના સંયુકત કુટુંબ માટે પ્રતિવાદી નં.૩ ના નામે જામજોધપુર ગામે આવેલ સિમની ખેતીની જમીનના સર્વે.નં.૧૨૬૫/૨/પૈકી ૨ હે.૧– ૨૯–૫૦ જામજોધપુરના ખાતેદાર ખેડુત બેચર કચરા પાસેથી રજી.વે.દ.નં.૧૫૭ તા.૦૯/૦૭/૧૯૮૪ ના રોજ વેચાણ લીધેલ તે સમયે વાદી તથા પ્રતિવાદી નં. ૨,૩,૪ સંયુકત કુટુબમાં રહેતા હતા અને આ ખરીદ કરેલ જમીનની કિમત સંયુકત આવકમાંથી ચુકવાયેલ છે તથા સર્વે.નં.૧૨૬૫/૧/પૈકી ૧ માંડણ ડાયા પાસેથી વેચાણ લીધેલ છે તથા સર્વે.નં.૧૨૬૫/૧/પૈકી તથા સર્વે.નં.૧૨૬૫/૧/પૈકી ૧ પ્રતિવાદી નં.૪ ના નામે ખરીદવામાં આવેલ હતી અને આ જમીનનો આવક જાવકનો વહીવટ પ્રતિવાદી નં.૪ રાખતા હતા અને દાવાવાળી જમીનનું ખેડખાતું પ્રતિવાદી નં. ૩ ના નામનું ચાલતુ હતુ અને પ્રતિવાદી નં.૩ અને ૪ ના નામે આવેલ કુટુંબની મિલકતો ખેતીની જમીન રહેણાંક મકાન પ્લોટના ભાયોભાગની વહેંચણી પ્રતિવાદી નં.૩ અને ૪ ની હાજરીમાં તેઓની સંમતિથી લખાણ રૂા. ૫૦ ના સ્ટેમ્પ પર તા. ૧૪/૦૨/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ જેમાં વાદી તથા પ્રતિવાદી નં. ૨ ની સહી છે અને સાક્ષી તરીકે પ્રતિવાદી નં. ૩ અને ૪ તથા કુટુંબીઓની સહીઓ છે અને નોટરી રૂબરૂ સહીઓ કરેલ છે.

આ ભાયોભાગની વહેંચણી તા.૧૪/૦૨/૨૦૧૧ ના રોજ થયેલ તે મુજબ વાદીના ભાગે સર્વે.નં.૧૨૬૫/૨/પૈકી ૨ હે. ૧–૨૯–૫૦ આવેલ છે અને તે મુજબ કબજો સંભાળી લીધેલ છે અને પ્રતિવાદી નં.૨ નાએ પણ ભાયોભાગ મુજબનો કબજો સંભાળી લીધેલ છે અને ત્યારથી સ્વતંત્ર કબજેદાર અને માલિક છીએ અને સદર

જમીનમાં પ્રતિવાદી નં.૩ અને ૪ નો કોઈ હક, હીત, હીસ્સો કે કબજો રહેવા પામેલ નથી તેમ છતાં પ્રતિવાદી નં.૩ અને ૪ નાએ એક સંપ થઈ વિશવાસઘાત કરવા વાદીની દાવાવાળી જમીન જે વાદીને ભાયોભાગમાં મળેલ છે જે જમીન પ્રતિવાદી નં.૩ ના નામે રેવન્યુ રેકર્ડમાં હતી તે જમીન ગેરકાયદેસર રીતે વાદી પાસેથી પડાવી લેવા માટે પ્રતિવાદી નં.૩ વાળાએ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં ખોટો વેચાણ દસ્તાવેજ નં.૧૫૭ તા. ૧૮/૦૨/૨૦૧૯ ના રોજ કરી આપેલ હોય જેથી સદર દસ્તાવેજ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય જેથી રદ થવા પાત્ર છે. વધુમાં વાદીની કાયદા અને નિયમોની અજ્ઞાનતાના કારણે રેવન્યુ રેકર્ડમાં ભાયોભાગમાં આવેલ સર્વે.નં.૧૨૬૫/૨/પૈકી ૨ વાળી જમીનની ફેરફાર નોંધ હકકપત્રકે દાખલ કરાવવાની રહી જતા તેનો ગેરલાભ ઉઠાવી ખોટો વેચાણ દસ્તાવેજ કરેલ છે અને આ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો વાદીનો છે અને દાવાવાળી જમીન અન્ય કોઈને વેચાણ કરવાની તૈયારીમાં છે અને દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ ને વેચાણ કરી નાખે તો વાદી મિલકત ધરાવવાના કાયદેસરના હકથી વંચિત થઈ જાય તેમ છે અને બેલેન્સ ઓફ કન્વેયન્સ તથા વાદીને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે જેથી અમોના કાયદેસરના હકોના રક્ષણ માટે દાવા ચાલતા દરમ્યાનનો વચગાળાનો મનાઈ હુકમ મંજુર કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે દાવાનો સમન્સ તથા આંક–૫ ની અરજીની નોટીસ પ્રતિવાદીઓ ને બજી જતા પ્રતિવાદી નં. ૧ નાએ દાવાનો જવાબ આંક–૨૦ થી વાદીના દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ જ નથી અને દાવાવાળી જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને ત્યારથી પ્રતિવાદી નં.૧ કાયદેસરના માલિક અને કબજેદાર છીએ અને રેવન્યુ રેકર્ડમાં પણ અમોના નામે ચાલે છે અને વાદી કે પ્રતિવાદીઓનો કોઈ હક હીત, હીસ્સો સમાયેલો ન હોય અને વાદી જે ભાયોભાગના લખાણની વાત

કરે છે તે અંગે કોઈ રેવન્યુ રેકર્ડમાં કોઈ નોંધ થયેલ નથી કે વાદીના કહેવા મુજબ રેવન્યુ રેકર્ડની સ્થિતીએ કે સ્થાનીકે કોઈ કબજો ભોગવટો આવેલ નથી અને વાદી વર્ષોથી રાજકોટ રહે છે અને દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૩ ની સ્વતંત્ર કબજા ભોગવટાની હોય તેઓ પાસેથી રજી.વેચાણ દસ્તાવેજથી અવેજની રકમ પુરેપુરી ચુકવીને ખરીદ કરેલ હોય અને તયારબાદ રેવન્યુ રેકર્ડમાં હકપત્રકે નોંધ વેચાણની પ્રમાણિત થયેલ હોય અને ત્યારબાદ વાદીએ વાંધો લેતા મામલતદાર કોર્ટમાં વાદીની વાંધા અરજ ના–મંજુર થયેલ હોય જેથી વાદી નારાજ થઈને પ્રાંત ઓફીસ લાલપુરમાં અપિલ કરેલ હોય જે પણ ના–મંજુર થયેલ હોય જેથી વાદીએ પૈસાં પડાવવા માટે હાલનો ખોટો દાવો લાવેલ છે તેમજ વાદીનો કોઈ પ્રાઈમા ફેસી કેસ નથી અને સગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી જેથી વાદીની વચગાળાની મનાઈ અરજ ના–મંજુર કરવા જવાબમાં જણાવેલ છે.

(૩) પ્રતિવાદી નં. ૩ અને ૪ નાએ દાવાનો જવાબ આંક–૧૫ થી વાદીના દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે અમોએ વેચાણ આપેલ જમીન સ્વતંત્ર માલીકીની જમીન છે અને વડીલોપાર્જીત જમીન નથી જેથી વાદીએ ખોટી હકીકતો જણાવીને હાલનો દાવો કરેલ છે જેથી વાદીની મનાઈ અરજ રદ કરવા જવાબમાં જણાવેલ છે.

(૪) સદર કામે વાદી તરફથી આંક– ૨૨ થી પ્રતિવાદી ના જવાબનાં વિરુધ્ધમાં તથા પ્રતિવાદીની જવાબની હકીકત ખોટી હોવાનુ ઠરાવવા કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે.

(૫) વાદીએ તેના દાવા તથા હાલની મનાઈ હુકમની અરજીના સમર્થનમાં માર્ક ૩/૧ થી ૩/૧૬ સુધી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ માર્ક ૨૧/૧ થી ૨૧/૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

(૬) વાદી તરફે વિધ્વાન વકીલશ્રી સી.એસ.ગોસ્વામીએ આંક–૩૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૩ નાએ સને ૧૯૮૪ માં રજી.વેચાણ દસ્તાવેજથી જમીન ખરીદ કરેલ તેમાં ખેતીની સંયુકત આવકમાંથી અવેજની રકમ ચુકવવામાં આવેલ છે અને ખેડ ખાતુ પ્રતિવાદી નં.૩ ના નામે ચાલતુ હતુ અને પ્રતિવાદી નં.૪ નાઓ તમામ વહીવટ અને હીસાબ કીતાબ રાખતા હતા અને તા. ૧૪/૦૨/૧૧ ના રોજ ભાયોભાગની જમીનની વહેંચણીનું લખાણ રૂા.૫૦ ના સ્ટેમ્પ પર કરવામાં આવેલ હતું અને ખરેખર હકકપત્રકે ભાયોભાગની વહેંચણીની નોંધ રહી જવા પામેલ તેનો ગેરલાભ ઉઠાવી પ્રતિવાદીઓએ વિશ્વાસઘાત કરી ખોટો વેચાણ દસ્તાવેજ નં. ૧૫૭ તા. ૧૮/૦૨/૧૯ ના રોજ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં પ્રતિવાદી નં.૩ નાએ કરી આપેલ છે અને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો વાદીઓનો ચાલી આવેલ છે અને વાદીનો પ્રથમદર્શનીય કેસ હોય જેથી સગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં હોય તેમજ માર્ક ૪/૧ થી માર્ક ૪/૧૫ સુધી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ખાસ જોવાના છે અને પ્રથમદર્શીય કેસ અમો વાદીનો છે અને ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ માં જણાવેલ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવા લેખીત દલીલમાં જણાવેલ છે.

(૭) સદર કામે પ્રતિવાદી નં.૪ ના વિ.વકીલ શ્રી આર.પી.માકડીયાએ આંક–૪૦ થી લેખીત દલીલ રજુ કરેલ છે જેમાં વાદીએ ગેર રજુઆત કરી પ્રતિવાદી નં.૩ ની કાયદેસરની માલિકી કબજા ભોગવટાની જમીનમાં ગેરકાયદેસર કબજો કરવા તથા હક ઉત્પન્ન કરવા ખોટી હકીકતો રજુ કરેલ છે અને સત્ય હકીકતો સપ્રેસ કરેલ છે તેમજ વાદી કલીન હેન્ડથી આવેલ નથી અને પ્રતિવાદી નં.૩ નાએ કાયદેસર અવેજ સહ વેચાણ લીધેલ જમીનનું અવેજ સહ વેચાણ કરેલ છે જે અંગેની રેવન્યુ રેકર્ડમાં નોંધો મંજુર થયેલ છે અને રેવન્યુ રેકર્ડ પ્રતિવાદી નં.૧ ના નામે ચાલે છે જેથી વાદી કબજા ભોગવટામાં હોવાની હકીકત ખોટી જણાવેલ છે.

(૮) સદર કામે પ્રતિવાદી નં.૧ ના વિ.વકીલશ્રી એસ.આઈ.બ્લોચે તેમની મૌખીક દલીલમાં જણાવેલ છે કે આ પ્રતિવાદી નં.૧ નાએ આંક–૧૯ થી જવાબ રજુ કરેલ છે અને આંક–૨૧ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે અને સર્વે નં. ૧૨૬૫/ ૨ પૈકી ૨ વાળી જમીન પ્રતિવાદી નં.૧ ના નામે ચાલે છે અને તેઓએ રજી. વેચાણ દસ્તાવેજથી આ કામના પ્રતિવાદી નં.૩ પાસેથી દાવાવાળી જમીન ખરીદ કરેલ છે અને રેવન્યુ રેકર્ડમાં પણ તેઓનું નામ ચાલેછે તેમજ કબજો ભોગવટો પણ પ્રતિવાદી નં.૧ ના ધરાવે છે જેથી વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી અને પ્રતિવાદી નં.૧ નાએ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ કરાવેલ છે જેથી સગવડની સમતુલા પણ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં છે અને વચગાળાનો મનાઈ હુકમ વાદીની તરફેણમાં મંજુર કરવામાં આવે તો પ્રતિવાદી નં.૧ ને નાણામાં ન ચુકવી શકાય તેવુ નુકશાન જાય તેમ છે અને આ કામે મામલતદાર કોર્ટનો હુકમ પણ રજુ થયેલ છે જેમાં દાવાવાળી જમીનની વેચાણની નોંધ પ્રતિવાદી નં.૧ ના નામે પ્રમાણિત થયેલ છે અને તયારબાદ આ કામના વાદીએ પ્રાંત ઓફીસ લાલપુરમાં અપીલ/રીવીજન કરેલી તે પણ ના–મંજુર થયેલ છે અને વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ધેલાભાઈ પોપટભાઈ તારપરા વિરૂધ્ધ એગ્રીકલ્ચર પોડયુસ માર્કેટ કમીટી કાલાવાડ તથા જયોતિન્દ્ર જે શાહ વિરૂધ્ધ નવનીતલાલ ડી. પરીખ અને બીજાઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના બાલકિષ્ના દતાત્રેય ગ્લાન્ડે વિરૂધ્ધ બાલકિષ્ના રામભરોસે ગુપ્તા ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈ વાદીની વચગાળાની મનાઈ અરજી ખર્ચ સાથે ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

(૯) સદર દાવાની તથા આંક–૫ ની અરજી ની હકીકતો તથા દાવાનું તમામ રેકર્ડ ધ્યાને લેતા તથા વચગાળાની મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે ધ્યાને લેવાના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ અરજીના ન્યાયિક નિકાલ અને નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી પોતાનો સારો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરે છે ?

૨. શું વાદી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેળમાં છે તેવુ સાબિત કરે છે?

૩. શું વાદી એમ સાબિત કરે છે કે તેમના માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાંણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓનો મારો ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

<u>કા ર ણો</u>

(૧૧) એ સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સીધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સીધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સીધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની

તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસ ની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાણવી રાખવાનો છે એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુંકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

(૧૨) **<u>મુદા નં.૧</u>**

(૧૨.૧) આ કામે વાદી પ્રથમ દર્શનીય કેસ ધરાવે છે કે કેમ ? તે અંગે જોવામાં આવે તો આ કામે વાદીના કહેવા મુજબ જામજોધપુર ગામે આવેલ સિમની ખેતીની જમીનના સર્વે.નં.૧૨૬૫/૨/પૈકી ૨ હે.૧-૨૯-૫૦ જામજોધપુરના ખાતેદાર ખેડુત બેચર કચરા પાસેથી રજી.વે.દ.નં. ૧૫૭ તા.૦૯/૦૭/૧૯૮૪ ના રોજ આ કામના

પ્રતિવાદી નં.૩ નાએ વેચાણ લીધેલ તે સમયે વાદી તથા પ્રતિવાદી નં. ૨,૩,૪ સંયુકત કુટુંબમાં રહેતા હતા અને આ ખરીદ કરેલ જમીનની કિંમત સંયુકત આવકમાંથી ચુકવાયેલ છે અને આ જમીનનો આવક જાવકનો વહીવટ પ્રતિવાદી નં.૪ રાખતા હતા અને દાવાવાળી જમીનનું ખેડખાતું પ્રતિવાદી નં. ૩ ના નામનું ચાલતુ હતુ અને પ્રતિવાદી નં.૩ અને ૪ ના નામે આવેલ કુટુંબની મિલ્કતો ખેતીની જમીન રહેણાંક મકાન પ્લોટના ભાયોભાગની વહેંચણી પ્રતિવાદી નં.૩ અને ૪ ની હાજરીમાં તેઓની સંમતિથી લખાણ રૂ.૫૦ ના સ્ટેમ્પ પર તા. ૧૪/૦૨/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ જેમાં વાદી તથા પ્રતિવાદી નં. ૨ ની સહી છે અને સાક્ષી તરીકે પ્રતિવાદી નં. ૩ અને ૪ તથા કુટુંબીઓની સહીઓ છે અને નોટરી રૂબરૂ સહીઓ કરેલ છે. આ ભાયોભાગ ની વહેંચણી તા.૧૪/૦૨/૨૦૧૧ ના રોજ થયેલ તે મુજબ વાદીના ભાગે સર્વે. નં.૧૨૬૫/૨/પૈકી ૨ હે. ૧–૨૯–૫૦ આવેલ છે અને તે મુજબ કબ્જો સંભાળી લીધેલ છે ત્યારથી સ્વતંત્ર કબજેદાર અને માલિક છીએ અને સદર જમીનમાં પ્રતિવાદી નં.૩ અને ૪ નો કોઈ હક, હીત, હીસ્સો કે કબજો રહેવા પામેલ નથી તેમ છતાં પ્રતિવાદી નં.૩ અને ૪ નાએ એક સંપ થઈ વિશ્વાસઘાત કરવા વાદીની દાવાવાળી જમીન જે વાદીને ભાયોભાગમાં મળેલ છે જે જમીન પ્રતિવાદી નં.૩ ના નામે રેવન્યુ રેકર્ડમાં હતી તે જમીન ગેરકાયદેસર રીતે વાદી પાસેથી પડાવી લેવા માટે પ્રતિવાદી નં.૩ વાળા એ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં ખોટો વેચાણ દસ્તાવેજ નં.૧૫૭ તા.૧૮/૦૨/૨૦૧૯ ના રોજ કરી આપેલ હોય જેથી સદર દસ્તાવેજ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય જેથી રદ થવા પાત્ર છે તેવી હકીકત લઈને વાદી આવેલ છે.

(૧૨.૨) સદર કામે દાવાનું રેકર્ડ ધ્યાને લેતા વાદીએ માર્ક ૩/૧ થી રે.સ. નં.૧૨૬૫/૨/પૈકી ૨ નો તા. ૦૯/૦૭/૧૯૮૪ ના રોજ પ્રતિવાદી નં.૩ ના નામે લીધેલ વેચાણ દસ્તાવેજની કોપી રજુ કરેલ છે અને માર્ક ૩/૨ થી પ્રતિવાદી નં.૩ ના નામે તા.૧૩/૦૩/૧૯ ના રોજ દાવાવાળી જમીન હતી તેના ૮–અ ની નકલ રજુ કરેલ

છે તથા માર્ક ૩/૩ થી દાવાવાળી જમીનના ૭–૧૨ ની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૩/૪ થી ભાયોભાગની વહેંચણીના લખાણની ઝેરોક્ષ નકલ તા.૧૪/૦૨/૧૧ ની રજુ કરેલ છે તથા માર્ક ૩/૫ થી પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ દાવાવાળી જમીનના ૮ અ–ની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૩/૬ થી પ્રતિવાદી નં.૧ ના નામે આવેલ દાવાવાળી જમીનના ૭–૧૨ ની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૩/૭ થી ગામ નમુના નં.૬ હકપત્રકે નોંધ નં. ૨૭૬૯૯ ની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૩/૮ થી વાદીએ હકપત્રક નોંધ નં. ૨૭૬૯૯ સામે આપેલ વાંધા અરજીની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૩/૯ થી પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નં.૧૫૭ ની ખરી નકલ રજુ કરેલી છે તથા માર્ક ૩/૧૦ થી વાદીએ પ્રતિવાદી નં.૧ અને ૩ ને આપેલ નોટીસની નકલ રજુ કરેલી છે તથા માર્ક ૩/૧૧ થી પ્રતિવાદી નં.૧ ને આપેલ નોટીસ અંગે પોષ્ટની પાવતી રજુ કરેલ છે તથા માર્ક ૩/૧૨ થી પ્રતિવાદી નં.૧ નાને નોટીસ મળેલાની એકનોલેજમેન્ટ પહોંચ રજુ કરેલ છે તથા માર્ક ૩/૧૩ થી પ્રતિવાદી નં.૩ નાને નોટીસ મોકલ્યાની પોષ્ટની પાવતી રજુ કરેલ છે તથા માર્ક ૩/૧૪ થી પ્રતિવાદી નં.૩ નાને મોકલેલ નોટીસ મળી ગયા અંગેની એકનોલેજમેન્ટ પહોંચ રજુ કરેલ છે તથા માર્ક ૩/૧૫ થી પ્રતિવાદી નં.૧ નાએ વાદીની નોટીસનો આપેલ જવાબ રજુ કરેલ છે તથા માર્ક ૩/૧૬ થી પ્રતિવાદી નં.૩ નાએ વાદીની નોટીસનો આપેલ જવાબ રજુ કરેલ છે.

(૧૨.૩) સદર કામે પ્રતિવાદી નં.૧ નાએ આંક–૨૧ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે અને તેમાં માર્ક ૨૧/૧ થી આ કામના પ્રતિવાદી નં.૩ રમાબેન હીરાભાઈ એ વેચાણ લીધેલ જમીનના વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૨૧/ ૨ થી દાવાવાળી જમીનના ૮–અ ની નકલ રજુ કરેલ છે જેમાં આ કામના પ્રતિવાદી નં.૧ રીટાબેન પ્રેમજીભાઈ અમુતીયાનું નામ લખાયેલ છે તથા માર્ક ૨૧/૩ થી દાવાવાળી જમીનની વેચાણ નોંધ નં.૨૭૬૯૯ તા.૦૫/૦૪/૧૯ ના રોજ પ્રમાણિત થયેલાનું

લખાયેલ છે તથા માર્ક ૨૧/૪ અને ૨૧/૫ થી ઉતરોતર હકપત્રકે નોંધ થયેલાની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૨૧/૬ થી આ કામના પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૩ નાઓ પાસેથી વેચાણ લીધેલ તેનો રજી.વે.દ.નં.૧૫૭/ ૨૦૧૯ ની નકલ રજુ કરેલ છે અને દાવાવાળી જમીન રેવનયુ રેકર્ડમાં રીટાબેન પ્રેમજીભાઈ અમુતીયાના નામ પર આવેલ હોવાનું જણાય આવેછે.

(૧૩) આમ, જયારે દાવાવાળી ખેતીની જમીન પ્રતિવાદી નં.૩ નાએ સને ૧૯૮૪ થી રજી.વેચાણ દસ્તાવેજથી પોતાના સ્વત્ર નામે ખરીદ કરેલ હોય અને ત્યારબાદ તેઓ કબજો ભોગવટો ધારણ કરી ખેતીકામ કરતા હોય અને સદર જમીન તા.૧૮/૦૨/ ૨૦૧૯ માં વેચાણ દસ્તાવેજ નં.૧૫૭ થી આ કામના પ્રતિવાદી નં.૧ ના ને રજી.વે.દસ્તાવેજથી અવેજની પુરેપુરી રકમ સ્વીકારીને વેચાણ આપી દીધેલ હોય અને હાલમાં દાવાવાળી જમીનનો કબજો ભોગવટો પ્રતિવાદી નં.૧ પાસે હોવાનું રજુ થયેલ કોર્ટ કમીશનરનો રીપોર્ટ અને પંચનામું ધ્યાને લેતા જણાય આવે છે અને હાલમાં વાદીનો દાવાવાળી જમીનમાં કબજો ભોગવટો હોવાનું વાદી જણાવતા હોય પરંતુ તે અંગે પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી.

(૧૪) વધુમાં, જયારે વાદી ધ્વારા હાલની અરજી લાવી પ્રતિવાદીઓ સામે એવો વચગાળાનો મનાઈ હુકમ માંગેલ છે કે પ્રતિવાદીઓ પોતે કે અન્ય મારફતે સદર રે.સ.નં.૧૨૬૫/૨/પૈકી–૨ વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદી નં.૩ નાને કોઈ માલિકીહકક ન હોય અને કબજો ભોગવટો અમો વાદીનો હોય જેથી પ્રતિવાદીઓ દાવાવાળી જમીન કોઈને વેચાણથી આપે નહી કે ગીરો કે બોજો ઉભો કરે, કરાવે નહી કે નુકશાન કે ફેરફાર કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ માટે અરજ કરેલ છે તે બાબતે રજુ થયેલ દાવાનું રેકર્ડ ધ્યાને લેતાં તથા માર્ક ૩/૧ તથા માર્ક ૩/૫ તથા માર્ક ૩/૬ તથા માર્ક ૩/૯ થી રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને તથા વંચાણે લેતા તેમાં તા.૦૯/૦૭/૧૯૮૪ ના રોજ થયેલ વેચાણ દસ્તાવેજ માર્ક ૩/૧ થી રજુ થયેલ

વેચાણ દસ્તાવેજમાં આ કામના પ્રતિવાદી નં.૩ નાએ પોતાના નામે અવેજની રકમ ચુકવીને દાવાવાળી જમીન ખરીદ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાવવામાં આવેલ હોય અને ત્યારબાદ સદર દાવાવાળી જમીન તા.૧૮/૦૨/૨૦૧૯ ના રોજ અવેજની રકમ સ્વીકારીને પ્રતિવાદી નં.૧ નાને રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ કરેલ હોવાનું માર્ક ૩/૦૯ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ વંચાણે લેતા જણાય આવેછે તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ નુ નામ પણ રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલ હોવાનું રજી.વેચાણ દસ્તાવેજ વંચાણે લેતા પ્રથમદર્શનીય રીતે જણાય આવતુ હોય, તેવા સંજોગોમાં પ્રતિવાદીઓએ ખોટી રીતે વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે તે પ્રથમ દર્શનીય રીતે કોર્ટ સમક્ષ સાબીત કરવુ જોઈએ તેમજ કહેવાતા સદર દસ્તાવેજ બાબતે પુરાવો લેવો જરૂરી છે અને પુરાવો લીધા સીવાય પ્રથમદર્શીય કેસ છે કે કેમ તે નક્કી થઈ શકે તેમ નથી, આમ ઉપરોકત તમામ સંજોગોમાં આ કામના વાદી રે.સ.નં.૧૨૬૫/૨/પૈકી–૨ માં પ્રતિવાદી નં.૩ નાએ ખોટી રીતે જમીન વેચાણ આપીને પ્રતિવાદી નં.૧ નાને વેચાણ દસ્તાવેજ કરાવી આપેલનું તેમના રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી પ્રથમદર્શનીય રીતે સાબિત કરી શકેલ નથી ત્યારે વાદીના માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવાનો પ્રશ્ન રહેતો નથી અને તે તમામ સંજોગોમાં વાદીને તેઓએ માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેમ નથી અને તે રીતે મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૫) <u>મુદા નં.૨ અને ૩</u>

ઉપરોકત બંને મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી તે અંગેની ચર્ચાનુ બિનજરૂરી પુનરાવર્તન ટાળવા સારુ બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર જયારે વાદીની રે.સ.નં.૧૨૬૫/૨/પૈકી–૨ ના ભાગનો ખોટી રીતે પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ નાને વેચાણ દસ્તાવેજ કરાવી આપેલ હોવાનું રેકર્ડ જોતા તથા રજુ થયેલ માર્ક ૩/૧ તથા માર્ક ૩/૦૯ ના દસ્તાવેજો વંચાણે લેતા જણાય આવતુ ન હોય તેવા સંજોગોમાં વાદી પ્રથમદર્શનીય રીતે રેકર્ડ

પરથી સંતોષકારક રીતે ખોટી રીતે પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧ નાને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લીધેલ હોવાનું બતાવી શકેલ ન હોય, ત્યારે વાદી કેસના સંજોગો જોતા બેલેન્સ ઓફ કન્વીયન્સ તેમની તરફેણમાં સાબિત કરી શકેલ નથી. તેમજ આ કામે જયારે પ્રથમદર્શનીય રીતે કબજો ભોગવટો પણ વાદી બતાડી શકેલ ન હોય તેવા સંજોગોમાં પ્રતિવાદી નં.૩ નાએ રજી.વે.દ.નં.૧૫૭ તા.૧૮/૦૨/૨૦૧૯ ખોટો બનાવેલ હોવાનું રેકર્ડ પર આવેલ ન હોય, તે બાબતે તમામ સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો વાદી કરતા પ્રતિવાદીઓને વધારે નુંકસાન થાય તેવુ દાવાના રેકર્ડ પરથી જણાય આવે છે. તે તમામ સંજોગોમાં વાદી માંગ્યા મુજબ નો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે તે હકીકત કેસના સંજોગો અને રેકર્ડ પરથી પ્રથમ દર્શનીય રીતે સાબિત કરી શકેલ નથી તે તમામ સંજોગોમાં મુદા નં.૨ અને ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ન્યાયના હીતમાં કરવામાં આવે છે.

હુ ક મ

૧. વાદીની હાલની સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૩૯ રુલ ૧,૨ તથા કલમ ૧૫૧ મુજબની આંક-૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી રદ કરવામાં આવે છે.

૨. આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તા.૨૬ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

જામજોધપુર
તા.૨૬-૦૪-૨૦૨૪

(અશોક ગોકળભાઈ માલાણી)
પ્રિન્સીપાલ સીવીલ જજ
જામજોધપુર
(UIC No. GJ01387)